# જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી

બહુમાળી ભવન એ. વીંગ રૂમ નં. ૧૦૭ થી ૧૧૧ અમરેલી
ફોન અને ફેક્સ નં. (૦૨૭૯૨) ૨૨૨૯૩૬
e-mail: amrelideo@gmail.com
website: www.deoamreli.com,www.deoamreli.gov.in


સત્યમેવ જયતે

તા. ૩૦/૦૧/૨૦૨૩

ક્રમાંક:-માધ્ય/મા.શિ.સંઘ/અધિવેશન/૨૦૨૨-૨૩/ ૨૯૪

પ્રતિ,
સંચાલકશ્રી/આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓ તમામ
જિ.અમરેલી.

વિષય :- જિલ્લાની બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓના શિક્ષકોનુ રાજ્ય કક્ષાનુ શૈક્ષણિક અધિવેશન યોજવા બાબત

સંદર્ભ :-૧.સ.શિ.નિ.(માધ્યમિક), કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક:માધ્ય./અનદ-૧/૨૦૨૨/૯૦૦૦-૩૩, તા. ૨૫/૫/૨૦૨૨.
૨.પ્રમુખશ્રી/મંત્રીશ્રી, અમરેલી જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ નો પત્ર તા.૨૩/૦૧/૨૦૨૩

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક: માધ્ય./અનદ-૧/૨૦૨૨/૯૦૦૦-૩૩, તા. ૨૫/૫/૨૦૨૨ના પત્ર સંદર્ભે ગુજરાત રાજ્ય માધ્યમિક સંઘ મહામંડળનુ રાજ્ય કક્ષાનુ શૈક્ષણિક અધિવેશન ગુજરાત રાજ્યની અંદર યોજવાની મંજુરી આપવામા આવે છે.

રાજ્ય કક્ષાનુ શૈક્ષણિક અધિવેશન તા.૧૬/૦૨/૨૦૨૩ ને ગુરુવારે રાખવામા આવેલ છે. જેનુ સ્થળ :- રામકથા મેદાન, પથિકાશ્રમ ની પાછળ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે રાખવામા આવેલ છે. આ અધિવેશનમા નિયમાનુસાર શિક્ષકોને મોકલવાના રહેશે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૨/૦૭/૧૯૯૯ ના ઠરાવના પરિશિષ્ટ-૨ ના ક્રમ-૧૪ ઇત્તર ખર્ચ યાદી અને ક્રમ-૩૫ અનુસાર સેમિનાર/પરિષદ અન્વયેનો ખર્ચ માન્ય કરવાની જોગવાઇ કરવામા આવેલ છે. જેના આધારે પરિષદ માટેની ફી પ્રતી શિક્ષક ૧૧૦૦/- (અંકે રુપિયા અગિયાર સો પુરા) તથા શૈક્ષણિક અધિવેશનમા હાજરી આપતા શિક્ષકોના પ્રવાસ ભથ્થાનો ખર્ચ શાળાની નિભાવ ગ્રાન્ટ માથી નિયમાનુસાર મળવાપાત્ર થશે. જે અન્વયેનો ખર્ચ શાળાની ગ્રાન્ટ માથી નિયમાનુસાર મંજુર કરવાનો રહેશે. સેમિનારમા નિચે મુજબ વર્ગોની સંખ્યા પ્રમાણે શિક્ષકો ભાગ લઇ સક્શે.

**શૈક્ષણિક અધિવેશનની તારીખ અને સ્થળ:**

**તારીખ ૧૬/૦૨/૨૦૨૩ ગુરૂવાર**

**સ્થળ :- રામકથા મેદાન, પથિકાશ્રમ ની પાછળ, સેકટર-૧૧, ગાંધીનગર**

| વર્ગની સંખ્યા | સેમીનારમા મંજુરી પાત્ર શિક્ષકોની સંખ્યા |
|---|---|
| ૧. | ૧. |
| ૨. | ૨. |
| ૩. | ૩. |
| ૪. | ૪. |
| ૫ | ૫ |

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

નકલ રવાના :- પ્રમુખશ્રી, અમરેલી જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ, અમરેલી
મંત્રીશ્રી, અમરેલી જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ, અમરેલી

C:\Users\acer\Desktop\pbj-03 new 2018-19.docx



Scanned with CamScanner

# જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી

બહુમાળી ભવન એ. વીંગ રૂમ નં. ૧૦૭ થી ૧૧૧ અમરેલી
ફોન અને ફેકસ નં. (૦૨૭૯૨) ૨૨૨૯૩૬
e-mail: amrelideo@gmail.com
website: www.deoamreli.com,www.deoamreli.gov.in


સત્યમેવ જયતે

તા. ૩૦/૦૧/૨૦૨૩

ક્રમાંક/માધ્ય/અધિવેશન/શૈ.સ./૨૦૨૨-૨૩/
પરિપત્ર નં. ૨૯૩

પ્રતિ,
સંચાલકશ્રી, આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ તમામ,
જિ. અમરેલી

વિષય- બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શિક્ષક સંઘ જિલ્લા કક્ષાએ NEP-૨૦૨૦ અંતર્ગત શૈક્ષણિક સજ્જતા/ અધિવેશન યોજવા બાબત.

સંદર્ભ – અમરેલી જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના પત્રક્રમાંક/ /૨૦૨૨-૨૩ તા. ૨૩/૦૧/૨૦૨૩

ઉપરોક્ત વિષય તેમજ સંદર્ભ અન્વયે જણાવવાનું કે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અમરેલી અને અમરેલી જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ અમરેલીના સયુંકત ઉપક્રમે અમરેલી જિલ્લાની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓના માધ્યમિક શિક્ષક સંઘ જિલ્લા કક્ષાએ NEP-૨૦૨૦ અંતર્ગત શૈક્ષણિક સજ્જતા/ અધિવેશન આગામી ફેબ્રુઆરી-૨૦૨૩ મા યોજવા નક્કી થયેલ છે.

આ અધિવેશનમા જિલ્લાની તમામ ગ્રાન્ટેડ શાળાના માધ્યમિક વિભાગના શિક્ષકો અચૂક હાજરી આપવાની રહેશે. આ અધિવેશનમાં હાજર રહેનાર શિ.સ./ મ.શિ.શ્રીઓનો ખર્ચ નીચે મુજબ માન્ય રહેશે. સરકારશ્રી શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક/બમશ/૧૧૯૯/૭૪૧(૧) તા. ૩૦/૦૬/૧૯૯૯ મુજબ સેમીનારમા હાજર રહેનાર માધ્યમિક વિભાગના શિક્ષકો ભાઈઓ-બહેનોને નિયમાનુસાર મળવા પાત્ર ભથ્થા (ટી.એ. ડી.એ.) ની ચુકવણી શાળાની ગ્રાન્ટમાથી મળવા પાત્ર થશે. ઉકત ખર્ચ શાળાને મળવા પાત્ર ઈતર ખર્ચની જોગવાઈ મુજબ ગ્રાન્ટને પાત્ર ગણવા માટે નિયમાનુસાર કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

માધ્યમિક શિક્ષક સંઘ આયોજીત અધિવેશનમા માધ્યમિક વિભાગના શિક્ષકોને ગુણવતા સુધારણા સેમીનાર માર્ગદર્શન મેળવી શકે તેવા હેતુથી અધિવેશનમા જવા માટેની અનુકુળતા કરી આપવા આચાર્યશ્રીઓને જણાવવામા આવે છે.

આ સેમીનારના સ્થળ, તારીખ અને સમય નો વિગતવાર કાર્યક્રમ અમરેલી જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા મોકલી આપવામા આવશે.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી જિ. અમરેલી

નકલ રવાના જાણ સારૂ.
પ્રતિ,
પ્રમુખશ્રી / મંત્રીશ્રી, અમરેલી જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ અમરેલી, જિ. અમરેલી



E:\pbj data\pbj-3 new 2018-19.docx

Scanned with CamScanner